# કરુણ નાયર માટે સમય સમાપ્ત? માન્ચેસ્ટરમાં એકમાત્ર ફેરફાર થઇ શકે

**આઠ** વર્ષ પછી પ્લેઈંગ ઈલેવનમાં પરત ફરેલા કરુણે છ ઇનિંગ્સમાં શરૂઆત સારી કરી પણ તેને મોટા સ્કોરમાં ન ફેરવી શક્યો

**ઈંગ્લેન્ડની** પીચ પર લેનથ અને ઉછળતા બોલ સામે કરુણ નાયર સંઘર્ષ કરતો જણાય છે, કદાચ સાઇ સુદર્શનને તક મળી શકે



બેકનહામ, તા. 17 (પીટીઆઈ) : ભારતીય ટીમમાંથી આઠ વર્ષ સુધી બહાર રહ્યા પછી વાપસી કરનાર કરુણ નાયર પોતાને મળેલી આ બીજી તકનો ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં નિષ્ફળ ગયો છે અને માન્ચેસ્ટર ખાતે રમાનારી ચોથી ટેસ્ટ માટે ભારતની પ્લેઈંગ ઈલેવન નક્કી થશે ત્યારે તે એકમાત્ર ખેલાડી હશે જેને બહાર રાખવામાં આવી શકે છે.

આઠ વર્ષ પછી પ્લેઈંગ ઈલેવનમાં પરત ફરેલા ૩૩ વર્ષીય બેટ્સમેને તેની છ ઈનિંગ્સમાં સારી શરૂઆત કરી છે પરંતુ તેને મોટા સ્કોરમાં રૂપાંતરિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. તે પિચ પર સારી લયમાં દેખાતો હતો, ખાસ કરીને ડ્રાઈવિંગ કરતી વખતે, પરંતુ લેન્થ અને ઉછળતા બોલ તેને પરેશાન કરતાં હોવાનું જણાયું હતું.

સ્થાનિક ક્રિકેટમાં રનનો પહાડ બનાવ્યા બાદ રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવ્યા બાદ નાયર પાસેથી ત્રીજા નંબરે ભારતને મજબૂતી આપવાની અપેક્ષા રાખવામાં આવી રહી હતી.

ભારત પાંચ મેચની સીરિઝમાં 1-2થી પાછળ છે અને આગામી મેચ હજુ એક અઠવાડિયું બાકી છે, ત્યારે ટીમ મેનેજમેન્ટે નક્કી કરવું પડશે કે નાયર સાથે રહેવું કે યુવાન સાઈ સુદર્શનને પસંદ કરવો. આ સીરિઝમાં કોમેન્ટ્રી કરી રહેલા માજી ભારતીય વિકેટકીપર દીપ દાસગુપ્તા કહે છે કે સુદર્શનને પાછા લાવવાનો સમય આવી ગયો છે. તેણે કહ્યું હતું કે પણ હું ત્રીજા નંબર પર જોઈ રહ્યો છું. શું કરુણ નાયર હજુ પણ રમશે કે શું તમે સાઈ સુદર્શન જેવા યુવાન ખેલાડીને રમાડવા માંગો છો.

શુભમન ગિલની ટીમ ઘરઆંગણાની ટીમને કઠિન સ્પર્ધા આપી રહી છે તેથી સીરિઝ ખૂબ જ રોમાંચક બનવાની અપેક્ષા છે. ભારત બેટિંગમાં એક ફેરફાર સિવાય મોટા ફેરફારો ઈચ્છશે નહીં.

# માન્ચેસ્ટર ખાતે ટ્રેનિંગમાં ભારતીય ઝડપી બોલર અર્શદીપ સિંહ ઘાયલ

**ટ્રેનિંગ** સેશન દરમિયાન અર્શદીપના ડાબા હાથમાં પાટો બાંધેલો જોવા મળ્યો

**બોલિંગ** દરમિયાન બોલ અટકાવવાના પ્રયાસમાં હાથમાં કટ થવાથી ઇજા થઇ

**ટાંકા** લેવા કે નહીં તે તપાસવા મેડિકલ ટીમ અર્શદીપને ડોક્ટર પાસે લઇ ગઇ



માન્ચેસ્ટર તા. 17 : અહીંના ઓલ્ડ ટ્રેફર્ડ ખાતે રમાનારી ચોથી ટેસ્ટ માટેની ભારતની તૈયારી દરમિયાન ટ્રેનિંગ કેમ્પમાંથી ચિંતા જગાવતા સમાચાર મળ્યા છે, જેમાં અત્યાર સુધી ઇંગ્લેન્ડમાં ટેસ્ટ ન રમનારા ડાબોડી ઝડપી બોલર અર્શદીપ સિંહને બોલિંગ હેન્ડમાં જ ઇજા થઇ છે અને તે ડાબા હાથ પર પાટો બાંધેલો જોવા મળ્યો હતો.

લોર્ડ્સમાં મળેલી કઠિન હાર બાદ પાંચ મેચની શ્રેણીમાં 2-1થી પાછળ રહી ગયેલી ભારતીય ટીમ જ્યારે પોતાના વિકલ્પોનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરી રહી છે ત્યારે આ ઘટનાક્રમ સામે આવ્યો છે. ચોથી ટેસ્ટ પહેલા ખાસ કરીને બુમરાહના વર્કલોડ મેનેજમેન્ટને ધ્યાને લેતા અર્શદીપને માન્ચેસ્ટર માટે સંભવિત સમાવેશ તરીકે જોવામાં આવતો હતો. જો કે તેને થયેલી ઇજાએ તેની ઉપલબ્ધતા પર પ્રશ્ન ઉભા કર્યા છે.

પાછળથી, ભારતના સહાયક કોચ રાયન ટેન ડોશેએ ખુલાસો કર્યો હતો કે અર્શદીપને તાલીમ દરમિયાન હાથમાં ઇજા થઇ હતી. બોલિંગ કરતી વખતે તેને બોલ લાગ્યો અને તે ફક્ત એક કટ છે. આપણે જોવું પડશે કે કટ કેટલો ખરાબ છે. મેડિકલ ટીમ તેને ડોક્ટર પાસે લઈ ગઈ, અને દેખીતી રીતે, તેને ટાંકા લેવાની જરૂર છે કે નહીં તે આગામી થોડા દિવસોમાં અમારા આયોજન માટે મહત્વપૂર્ણ રહેશે એવું ડોશેએ કહ્યુ હતું.

### સીરિઝ દાવ પર હોવાથી બુમરાહના સમાવેશની શક્યતા : રાયન ટેન ડોશે

બેકનહામ, તા. 17 (પીટીઆઇ) : ભારતના સહાયક કોચ રાયન ટેન ડોશેએ ગુરુવારે જણાવ્યું હતું કે મુલાકાતી ટીમ માન્ચેસ્ટરમાં ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટમાં મુખ્ય ઝડપી બોલર જસપ્રીત બુમરાહને મેદાનમાં ઉતારવા આતુર છે જેથી પાંચ મેચની સીરિઝ બરાબર કરી શકાય. બુમરાહ પૂર્વ-આયોજિત રણનીતિ મુજબ સીરિઝમાં વધુમાં વધુ ત્રણ ટેસ્ટ રમવાનો છે. તેણે લોર્ડ્સમાં સાત વિકેટ ઝડપી હતી, પરંતુ આગામી મેચ માટે તેની ઉપલબ્ધતા હજુ સુધી પુષ્ટિ થઈ નથી. ટેન ડોશેએ કહ્યું હતું કે ના, અમે આ નિર્ણય માન્ચેસ્ટરમાં જ લઈશું.

# ભાગદોડ કેસમાં RCBને મોટો ઝટકો, ફોજદારી દાખલ કરવા કર્ણાટક સરકારની મંજૂરી

**એમ** ચિન્નાસ્વામી સ્ટેડિયમ નજીક ચોથી જૂને થયેલી ભાગદોડ અંગેનો સ્ટેટસ રિપોર્ટ કર્ણાટક હાઇકોર્ટમાં સુપરત કરાયો

બેંગલુરુ, તા. 17 (પીટીઆઇ) : કર્ણાટક સરકારે ગયા મહિને 11 લોકોનો ભોગ લેનારી ભાગદોડ મામલે આઇપીએલ ફ્રેન્ચાઇઝી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી), તેના ઇવેન્ટ મેનેજમેન્ટ પાર્ટનર અને રાજ્ય ક્રિકેટ એસોસિએશન પર માનક પ્રક્રિયાઓ અને સલામતીના પગલાંની અવગણના કરવાનો આરોપ મૂક્યો છે.

કર્ણાટક હાઇકોર્ટમાં સુપરત કરાયેલા એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ નજીક 4 જૂનના રોજ થયેલી ભાગદોડ અંગેના સ્ટેટસ રિપોર્ટમાં, રાજ્ય સરકારે જણાવ્યું હતું કે આરસીબી, તેના ઇવેન્ટ મેનેજમેન્ટ પાર્ટનર અને રાજ્ય ક્રિકેટ એસોસિએશને પૂર્વ પરવાનગી વિના અથવા અધિકારીઓને ફરજિયાત વિગતો આપ્યા વિના એકપક્ષીય રીતે ટીમની વિશાળ વિજય પરેડ અને ઉજવણીનું આયોજન કર્યું હતું. રિપોર્ટ અનુસાર, સાંજે લગભગ 6.30 વાગ્યે, અમદાવાદમાં આઇપીએલ ફાઇનલના થોડા કલાકો પહેલા, કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશને, આરસીબીના ઇવેન્ટ મેનેજમેન્ટ પાર્ટનર, ડીએનએ નેટવર્ક્સ પ્રાઇવેટ લિમિટેડ વતી, અહીંના કબ્બન પાર્ક પોલીસ સ્ટેશનને સૂચના પત્ર સુપરત કર્યો હતો. જોકે, ભીડનું કદ, કાર્યક્રમના લોજિસ્ટિક્સ અને ભીડ નિયંત્રણના પગલાં સહિતની મહત્વપૂર્ણ માહિતીના અભાવે પોલીસે પરવાનગી આપવાનો ઇનકાર કર્યો હતો. આ દરખાસ્ત ટૂંકી સૂચના પર પણ કરવામાં આવી હતી, જેના કારણે યોગ્ય પ્રક્રિયાને અવરોધિત કરવામાં આવી હતી. આ હોવા છતાં, આરસીબી એકપક્ષીય રીતે આગળ વધ્યું, 7.01 વાગ્યે શરૂ થનારી અનેક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા વિધાનસભા સૌધાથી ચિન્નાસ્વામી સ્ટેડિયમ સુધી જાહેર 'વિજય પરેડ' ની જાહેરાત કરી હતી.

# ઓસ્ટ્રેલિયા સામેની બીજી ટી-20 પછી આન્દ્રે રસેલ ઇન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહેશે

**રસેલે** વેસ્ટઇન્ડિઝ વતી 84 ટી-20 ઇન્ટરનેશનલ, 56 વન ડે અને એક ટેસ્ટ મેચ રમી છે

**84 ટી-20** ઇન્ટરનેશનલ મેચોમાં રસેલે 61 વિકેટ લીધી છે અને 1078 રન બનાવ્યા છે



કિંગ્સ્ટન, તા. 17 (પીટીઆઈ) : વેસ્ટ ઈન્ડિઝનો ઓલરાઉન્ડર આન્દ્રે રસેલ 22 જુલાઈએ ઓસ્ટ્રેલિયા સામેની બીજી ટી-20 પછી પોતાની 15 વર્ષની ઈન્ટરનેશનલ કેરિયર પર પૂર્ણવિરામ મૂકશે.

રસેલની સૌથી મોટી સિદ્ધિ તરીકે તે 2012 અને 2016માં ટી-20 વર્લ્ડકપ જીતનાર વેસ્ટ ઈન્ડિઝ ટીમનો સભ્ય હતો. તે 2019થી ફક્ત ટી-20 ફોર્મેટમાં જ રમી રહ્યો છે. તેણે 84 ટી-20 ઈન્ટરનેશનલ, 56 વન ડે અને એક ટેસ્ટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝનું પ્રતિનિધિત્વ કર્યું છે. ૩૭ વર્ષીય જમૈકનને ઓસ્ટ્રેલિયા સામેની પાંચ મેચની સીરિઝ માટે ટીમમાં પસંદ કરવામાં આવ્યો હતો, પરંતુ તે 20 અને 22 જુલાઈના રોજ તેના હોમ ગ્રાઉન્ડ, સબીના પાર્ક ખાતે તેની છેલ્લી બે ઈન્ટરનેશનલ મેચ રમશે.

# પહેલી વનડે : દીપ્તિની નોટઆઉટ અર્ધસદીથી ભારતે ઈંગ્લેન્ડને ચાર વિકેટે હરાવ્યું

**સોફિયા** ડંકલીના નોટઆઉટ 83 રનની મદદથી ઈંગ્લેન્ડે છ વિકેટે 258 રનનો સ્કોર બનાવ્યો

**ભારતે** દીપ્તિના 62 રન અને જેમિમા સાથેની 90 રનની ભાગીદારીથી 10 બોલ બાકી રાખી જીત મેળવી



સાઉથેમ્પ્ટન, તા. 17 (પીટીઆઈ) : બુધવારે રાત્રે અહીં રમાયેલી પ્રથમ વન ડેમાં ઓલરાઉન્ડર દીપ્તિ શર્માની નોટઆઉટ અડધી સદી અને 48 રન કરનારી જેમિમા રોડ્રિગ્સ સાથેની તેની 90 રનની મહત્વપૂર્ણ ભાગીદારીની મદદથી ભારતીય મહિલા ટીમે ઈંગ્લેન્ડ સામે 19 બોલ બારી રાખીને ચાર વિકેટે જીત મેળવી હતી. દીપ્તિએ 64 બોલમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી નોટઆઉટ 62 રન બનાવ્યા હતા.

દીપ્તિએ જેમિમા સાથે 14.2 ઓવરમાં પાંચમી વિકેટ માટે 90 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી હતી. ઓલરાઉન્ડર અમનજોત કૌરે 14 બોલમાં 20 રનનું અંતિમ ઓવરોમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. એક સમયે ભારતનો સ્કોર એક સમયે ચાર વિકેટે 124 રન હોત પણ તે પછી દીપ્તિ અને જેમિમાએ જવાબદારી ખૂબ જ સારી રીતે નિભાવી હતી.

અગાઉ, ઈંગ્લેન્ડે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો, ત્યારબાદ તેણે 97 રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. તે પછી એલિસ ડેવિડસન રિચાર્ડ્સે 73 બોલમાં 53 રન કરીને 92 બોલમાં નોટઆઉટ 83 રન કરનારી સોફિયા ડંકલી સાથે પાંચમી વિકેટ માટે 106 રનની ભાગીદારી કરતાં ઈંગ્લેન્ડે છ વિકેટે 258 રનનો સ્કોર બનાવ્યો હતો. યુવા ભારતીય ઝડપી બોલર ક્રાંતિ ગૌડે બે વિકેટ સાથે પ્રભાવિત કર્યા હતા.

### સ્મૃતિ મંધાના-પ્રતિકા રાવલની જોડીએ મહિલા વન ડેમાં સૌથી વધુ સરેરાશે હજાર રન પુરા કર્યા



ઈંગ્લેન્ડ સામે રમાયેલી પહેલી વન ડે દરમિયાન ભારતની સ્મૃતિ મંધાના અને પ્રતિકા રાવલની ઓપનીંગ જોડીએ એક મોટી સિદ્ધિ હાંસલ કરી હતી. તેઓ મહિલા વન ડેમાં ઓપનિંગ જોડી તરીકે શ્રેષ્ઠ સરેરાશ સાથે 1000 રન બનાવનારી વિશ્વની પ્રથમ જોડી બની ગઇ છે. તેમના પહેલા, આ સિદ્ધિ ઈંગ્લેન્ડની માજી મહિલા ખેલાડીઓ કેરોલિન એટકિન્સ અને સારાહ ટેલરના નામે નોંધાઇ હતી. જેમણે ઓપનિંગ જોડી તરીકે 68.8 ની સરેરાશથી પ્રથમ 1000 રન બનાવ્યા હતા.

**મહિલા વન ડેમાં શ્રેષ્ઠ સરેરાશ સાથે 1000 રન બનાવનાર ઓપનિંગ જોડી**

| ઓપનીંગ જોડી | દેશ | સરેરાશ |
|---|---|---|
| સ્મૃતિ મંધાના-પ્રતિકા રાવલ | ભારત | 84.6 |
| કેરોલિન એટકિન્સ-સારાહ ટેલર | ઈંગ્લેન્ડ | 68.8 |
| રાચેલ હેન્સ-એલિસા હીલી | ઓસ્ટ્રેલિયા | 63.4 |
| ટેમી બ્યુમોન્ટ-એમી જોન્સ | ઈંગ્લેન્ડ | 62.8 |
| બેલિન્ડા ક્લાર્ક-લિસા કેટલી | ઓસ્ટ્રેલિયા | 52.9 |

# મેસીની આઇકોનિક બાર્સેલોના નંબર 10 જર્સી લામિન યામલને વારસામાં મળી

**મેરાડોના**, રોનાલ્ડીન્હો અને મેસીએ બાર્સેલોના માટે પહેરેલી જર્સી મળ્યા પછી તેમના પગલે ચાલવા યામિલનું નિવેદન



બાર્સેલોના, તા. 17 (એપી) : લેમિન યમાલ બાર્સેલોના ક્લબ વતી ૧૦ નંબરની આઈકોનિક જર્સી પહેરશે, જે ડિએગો મેરાડોના, રોનાલ્ડીન્હો અને લિયોનેલ મેસીએ કતલાન ક્લબ માટે પહેરી હતી.

મેસ્સી 2008થી 2021 સુધી ક્લબ માટે આ જર્સી પહેરતો હતો. તેના ગયા પછી અંશુ ફાથીને આ નંબર મળ્યો. ફાથી લોન પર ફ્રેન્ચ ક્લબ મોનાકો ગયો છે. આવી સ્થિતિમાં, ક્લબે યામાલને નંબર-૧૦ જર્સી આપવાનો નિર્ણય લીધો છે. મેસી પહેલા, બાર્સેલોનાના મહાન ફૂટબોલર રોનાલ્ડિન્હો અને મારાડોના નંબર-૧૦ જર્સી પહેરતા હતા.

યમાલે બુધવારે ક્લબની જાહેરાતમાં કહ્યું હતું કે હું મારો પોતાનો રસ્તો બનાવવાનો પ્રયાસ કરીશ. ત્રણેય અદ્દભૂ ખેલાડીઓ રહ્યા છે, તેઓ દિગ્ગજો છે, અને હું તેમના પગલે ચાલવાનો પ્રયાસ કરીશ.

બાર્સેલોનાએ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે અમારો 10 નંબર, તેની સાથે યમાલ દર્શાવતો એક વીડિયો પણ હતો. 18 વર્ષીય વિંગર ક્લબની લા માસિયા યુથ એકેડેમીમાંથી પણ આવ્યો હતો, તેણે ગયા સિઝનમાં કતલાન જાયન્ટ્સને ઘરેલુ ટ્રેબલ જીતવામાં મદદ કરી હતી. યમાલે 100થી વધુ મેચોમાં ક્લબ માટે 25 ગોલ કર્યા છે, 2013માં 15 વર્ષની ઉંમરે 41 નંબરની જર્સી પહેરીને તેણે ડેબ્યૂ કર્યું હતું.



### ભારતીય સ્પિનર સાઇ કિશોરે સરે સાથે બે મેચ રમવાનો ટૂંકો કરાર કર્યો

સરે, તા. 17 : તમિલનાડુનો સ્પિનર આર સાઈ કિશોર હવે ઈંગ્લેન્ડમાં ક્રિકેટ રમતો જોવા મળશે. તેણે કાઉન્ટી ચેમ્પિયનશિપના ડિવિઝન વનમાં સરે વતી બે મેચ રમવાના ટૂંકા કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જુલાઈના અંતમાં યોજાનારી આ મેચો માટે સાઈ ઈંગ્લેન્ડ પહોંચી ગયો છે. પહેલી મેચમાં તેનો સામનો તેના જૂના સીએસકે સાથી અને યોર્કશાયર ટીમમાં રહેલા ઋતુરાજ ગાયકવાડ સામે થશે. બીજી મેચ 29 જુલાઈથી 1 ઓગસ્ટ દરમિયાન ચેસ્ટર-લે-સ્ટ્રીટ ખાતે ડરહામ સામે રમાશે. સાઈ કિશોર સરે ટીમમાં જોડાવાથી ખૂબ જ ખુશ છે. સરેના હાઈ-પર્ફોર્મન્સ કન્સલ્ટન્ટ એલેક સ્ટુઅર્ટે પણ સાઈ કિશોરનું ટીમમાં સ્વાગત કર્યું છે.

# ફ્રીસ્ટાઇલ ચેસ : પ્રજ્ઞાનંધાએ 39 ચાલમાં વર્લ્ડ નંબર વન મેગ્નસ કાર્લસનને હરાવ્યો

**પ્રજ્ઞાનંધા** અને એરિગાસી ક્વાર્ટર ફાઇનલમાં, કાર્લસન ટાઇટલ રેસમાંથી બહાર



લાસ વેગાસ, તા. 17 (પીટીઆઇ) : ભારતના ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંધાએ અહીં રમાતી ફ્રીસ્ટાઈલ ચેસ ગ્રાન્ડ સ્લેમ ચેસ ટૂરમાં વિશ્વના નંબર વન અને પાંચ વખતના વિશ્વ ચેમ્પિયન મેગ્નસ કાર્લસન પર માત્ર 39 ચાલમાં જીત મેળવી હતી. તાજેતરમાં ભારતના વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન ડી ગુકેશ સામે સતત હારતો રહેલો નોર્વેનો ગ્રાન્ડમાસ્ટર કાર્લસન આ બીજી હારનો સામનો કરવો પડ્યો હતો.

પ્રજ્ઞાનંધા હવે આઠ ખેલાડીઓના ગ્રુપ વ્હાઈટમાં 4.5 પોઈન્ટ સાથે આગળ છે. પ્રજ્ઞાનંધાએ નોદિરબેક અબ્દુસત્તોરોવ સામે કાળા મહોરા સાથે ડ્રો કરીને ટુર્નામેન્ટની શરૂઆત કરી હતી. આ પછી, તેણે અસાઉબાયેવાને હરાવ્યો. ત્રીજા રાઉન્ડમાં, તેણે કાળા મોહરાઓ સાથે રમતા કીમરને હરાવ્યો અને પછી ચોથા રાઉન્ડમાં કાર્લસનને આશ્ચર્યચકિત કરી દીધો હતો. આ હારની કાર્લસન પર એટલી ઊંડી અસર પડી કે તે આગલા રાઉન્ડમાં વેસ્લી સો સામે બીજી ગેમ હારી ગયો અને અમેરિકન લેવોન એરોનિયન દ્વારા ટોચના બ્રેકેટમાં ટાઈટલની દાવેદારીમાંથી બહાર ફેંકાઈ ગયો. એરિગાસી બીજા ગ્રુપમાંથી ક્વાર્ટર ફાઈનલમાં પહોંચનાર બીજો ભારતીય રહ્યો હતો.

### લક્ષ્ય સેન, સાત્વિક-ચિરાગ જાપાન ઓપનમાંથી બહાર

ટોક્યો, તા. 17 (પીટીઆઇ) : જાપાન ઓપનમાં ભારતીય ખેલાડીઓનું નિરાશાજનક પ્રદર્શન ગુરુવારે પણ ચાલુ રહેતા લક્ષ્ય સેન તેમજ સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની પુરુષ ડબલ્સ જોડી અહીં બીજા રાઉન્ડમાં હારીને આ સુપર 750 બેડમિન્ટન ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી. વિશ્વના 18મા ક્રમાંકિત લક્ષ્યનો પુરુષ સિંગલ્સમાં જાપાનના કોડાઈ નારોકા સામે લગભગ એક કલાક સુધી ચાલેલી મેચમાં 19-21, 11-21થી પરાજય થયો હતો. અગાઉ પુરુષ ડબલ્સમાં, સાત્વિક અને ચિરાગની ભારતીય જોડીનો 44 મિનિટ ચાલેલા મુકાબલામાં પાંચમી ક્રમાંકિત ચીની જોડી લિયાંગ વેઈ કેંગ અને વાંગ ચાંગ સામે 22-24, 14-21થી પરાજય થયો હતો.

# કેનેડાની ઓલિવિયા સ્મિથને આર્સેનલ દ્વારા વિક્રમી એક મિલિયન પાઉન્ડમાં સાઇન કરાઇ

**ઓલિવિયા** સાથેના આર્સેનલના કરારથી નાઓમી ગિરમા માટે ચેલ્સીએ ચૂકવેલા 9 લાખ પાઉન્ડનો રેકોર્ડ તૂટ્યો

લંડન, તા. 17 (એપી) : કેનેડાની ફોરવર્ડ ઓલિવિયા સ્મિથ એક મિલિયન પાઉન્ડ (1.34 મિલિયન ડોલર) માં સાઈન કરવામાં આવેલી પ્રથમ મહિલા ફૂટબોલ ખેલાડી બની છે. આર્સેનલ દ્વારા ગુરુવારે લિવરપૂલ પાસેથી સ્મિથને વર્લ્ડ રેકોર્ડ ફી સાથે સાઈન કરવામાં આવી હોવાના અહેવાલ છે.

આ ફી જાન્યુઆરીમાં મહિલા ફૂટબોલમાં એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કરનારા સાન ડિએગો વેવથી નાઓમી ગિરમાને સાઈન કરતી વખતે ચેલ્સીએ ચૂકવેલા 900,000 પાઉન્ડ (1.1 મિલિયન ડોલર)ના આંકડાને વટાવી જશે. આર્સેનલના મહિલા ફૂટબોલ ડિરેક્ટર ક્લેર વ્હીટલીએ જણાવ્યું હતું કે તે રમતની સૌથી પ્રતિભાશાળી યુવા ખેલાડીઓમાંની એક છે અને ક્લબમાં વધુ વિકાસ માટે તેની પાસે વિશાળ સંભાવના છે. સ્મિથનો કોન્ટ્રાક્ટ મહિલા ફૂટબોલમાં ખર્ચમાં વધારાને પ્રકાશિત કરે છે જેમાં તાજેતરના સમયમાં ટ્રાન્સફર રેકોર્ડ નિયમિતપણે તૂટતા રહે છે.

## સુડોકુ ૭૨૭૩ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | ૫ | | ૬ | | ૩ | |
| | | | | | | | ૧ | ૬ |
| | ૬ | ૫ | ૩ | ૯ | | | ૨ | ૭ |
| ૪ | | | | ૩ | | | | ૯ |
| | ૫ | ૩ | ૮ | | | ૨ | ૬ | ૧ |
| | | ૭ | ૨ | | | | | ૪ |
| ૮ | | ૬ | | | | | ૯ | ૫ |
| ૨ | | | ૧ | ૬ | ૫ | ૮ | | ૩ |
| ૫ | | ૧ | ૯ | | ૩ | ૬ | ૪ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ-૭૨૭૨ નો ઉકેલ

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### દૂઝતા મસા

ભીમસેની કપૂર અડધો ગ્રામ લઇ પાકા કેળાની ટુકડીમાં મૂકી ગળી જવું. જરૂર હોય ત્યારે તો દિવસમા ત્રણ વાર લેવું. તેથી વધુ નહીં.

## આજનું પંચાંગ

**તા. 18/07/2025, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** અષાઢ
**તિથિ:** વદ: આઠમ 17.3
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 27
**યોગ :** સુકર્મા **કરણ:** તૈતિલ
**નક્ષત્ર :** અશ્વિની 26.14
**રાશિ:** મેષ (અ.લ.ઇ.)
**દિવસ :** મિશ્ર- બુધ વક્રી 10.16
**સુરતમાં સૂર્યોદય :** 06:8 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:21
**નવકારસી :** 06:56
**પારસી વર્ષ :** 1394, સ્પેન્દારમદ માસનો 8મો રોજ
**મુસલમાન વર્ષ:** 1447, મોહરમ માસનો 22મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે 10:30 થી 12:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** મનપસંદ ભોજનનો આનંદ મળે. પણ આરોગ્યનું ધ્યાન રાખવું પડશે. જીવનસાથીના આરોગ્યની ચિંતા સતાવે.

**વૃષભ (બ,વ,ઉ,):** નોકરી વગેરેના ઇન્ટરવ્યુમાં સફળતા મળે. જીવનસાથી સાથે કૌટુંબિક સમસ્યાનું સમાધાન થાય. આવક વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** શત્રુઓનો પરાજય થાય. હરીફો અને હિતશત્રુઓના કારણે નોકરીમાં પ્રભાવ વધે. નવી નોકરીના યોગ બને.

**કર્ક (ડ,હ,):** કાર્યસિદ્ધિથી ઉત્સાહ વધે. વિદ્યાર્થીઓને તક મળે. નવા રોકાણ લાભદાયક રહે. પ્રેમમાં સહકાર મળે.

**સિંહ (મ,ટ,):** ધંધા વ્યવસાયની યોજના પાર પડે. આવક વધે. ઉત્સાહજનક સમાચાર મળે. પ્રવાસમાં મિલન મુલાકાત થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** ભાઇબહેનો સાથે નવા ધંધા વેપારની યોજના બને. નોકરી માટે નવી તક ઊભી થાય.

**તુલા (ર,ત,):** નવા ફેરફાર કાર્યસ્થળ પર આવી શકે છે. નોકરીમાં પ્રગતિ થાય. સમાજમાં પ્રતિષ્ઠા વધે. આવક વધે.

**વૃશ્ચિક (ન,ય,):** નોકરીમાં હિતશત્રુઓથી પરેશાની આવી શકે છે. નોકર-ચાકરથી સાવધાન રહેવું. ખર્ચા વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ધર્મ-કર્મ, પૂજા પાઠથી શાંતિ મળે. નવા રોકાણ થાય. પ્રેમમાં પ્રપંચનો અનુભવ થાય. ધીરજ રાખવી.

**મકર (ખ,જ,):** નોકરી ધંધાર્થે પ્રવાસમાં મિલન મુલાકાત થાય. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. મન અશાંત રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** દલાલીની આવક વધે. ટ્યુશન, ટેકનોલોજીને લગતાં કામ થાય. નોકરીમાં પ્રમોશન થાય.


**મીન (દ,ચ,ઝ,થ,):** મોજશોખ, દલાલી, શિક્ષણ, ખાણીપીણીના ધંધામાં આવક વધે. અચાનક સફળતા મળે.

### કોઇ પણ સાલમાં 18 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધા વ્યવસાયમાં નવા ફેરફાર થાય અને જવાબદારી વધે. નોકરીમાં પ્રમોશન અને સ્થાનફેર થાય. સાથે હરીફો અને હિતશત્રુઓ વધે અને પરેશાની વધે. આરોગ્ય માટે સામાન્ય રહે પણ વડીલોના આરોગ્યના ખર્ચા વધશે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. નવા ધંધા વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. નોકરીમાં સરકારી જવાબદારી વધે. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી નોકરિયાતોની જવાબદારી સાથે બદલી થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહેશે. વિદ્યાર્થીઓની મહેનત વધે. વિદેશનાં કામ ધીમાં પડે. સરકારી નોકરીની તક મળે. નવા ઘર, વાહન, મકાન, મિલકત, વારસા, જાયદાદ, જમીન જેવા પ્રશ્નો ચડતીપડતી સાથે પાર પડે. સંતાનોના કામમાં મિત્રોની મદદ મળે. માર્ચ-એપ્રિલ તથા ઓક્ટોબર-નવેમ્બરમાં ભાગ્યનો સાથ મળે. ડિસેમ્બર-જાન્યુઆરીમાં નવા ફેરફારથી દોડધામ, જવાબદારી વધશે.

## શબ્દગુંફન - ૭૦૧૬

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. આંખનો અણસારો (૫)
૪. ગુજરાન માટે કરવાનો કામધંધો (૪)
૬. શોધ, તપાસ (૩)
૭. રોકવું, રોકાવું કે ગૂંગળાવું તે (૩)
૯. નવું, નવીન (૪)
૧૨. દુનિયા, વિશ્વ (૩)
૧૪. મકદૂર, તાકાત (૪)
૧૬. એક વનસ્પતિ (૫)
૧૯. અનાજનો કોઠાર (૩)
૨૦. વેપાર (૩)
૨૨. ઝટ, એકદમ (૩)
૨૪. પાણી, નીર (૨)
૨૫. તપેલું કે તપાવેલું (૨)
૨૬. માનવકુળના ઉત્પાદક એવા આદિ માનવ (૨)
૨૭. આપવું તે (૨)
૨૮. રહસ્ય (૨)
૨૯. સંમતિ, પરવાનગી (૨)
૩૦. તેજ, ભપકો (૩)
૩૧. વચન (૨)
૩૨. અક્કલ (૨)

**ઊભી ચાવી**
૧. વલોણાનું દોરડું (૩)
૨. હવા, વાયુ (૩)
૩. રાગ - આસક્તિ વિનાનું (૪)
૪. ચળકતું, જાહેર (૩)
૫. ગામઈ, ગામનું (૩)
૮. તોફાન, ઢોંગ (૩)
૧૦. મોં, ચહેરો (૩)
૧૧. વગરનું, વિનાનું (૩)
૧૨. નાણું (૨)
૧૩. ડર, ત્રાસ (૪)
૧૫. કેફ, અભિમાન (૨)
૧૫. દોષ, ખોડખાંપણ (૩)
૧૭. તૃપ્ત, ધરાયેલું (૨)
૧૮. ધૂંસરી સાથે બળદને જોડવાનો પટો (૩)
૧૮. તૃપ્ત, ધરાયેલું (૨)
૨૦. યુક્તિ, આંટો, લાગ (૨)
૨૧. સંભાળ, માવજત (૩)
૨૨. પાતળું, નાનું (૨)
૨૩. પુત્રી (૩)
૨૪. ઉગ્ર, આકરું (૩)
૨૬. પુરુષ (૨)
૨૭. કિંમત, મૂલ્ય (૨)
૨૮. નુકસાન, હાનિ (૨)
૨૯. પ્રેમ, આનંદ (૨)

શબ્દગુંફન - ૭૦૧૫ નો ઉકેલ